# -: જાહેરનામું :-

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.-૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ.

ક્રમાંક : વિ.શા/એ સેકશન/મકાન ભાડુઆત/ ૭૦/૨૦૧૭

ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્વો અમદાવાદ શહેરના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશિષ કરી રહ્યા છે.

બહારનાં રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતાં આવા તત્વો કોઇનાં મકાન ભાડે રાખીને રહેતાં હોય છે અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઇને તેઓની ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતાં હોય છે. જેથી ભાડેથી મકાન આપતાં મકાન માલીકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું એ. કે. સિંઘ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં કોઇ મકાન/ઔદ્યોગિક એકમો/ઓફીસો/દુકાનો/ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોનાં માલિકો અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિત/સંચાલકો જયારે મકાન/ઔદ્યોગિક એકમો/ઓફીસો/દુકાનો/ ગોડાઉનો/કોલ્ડ સ્ટોરેજોનાં માલિકો મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઇ વ્યકિતને મકાન ભાડે આપી શકશે નહિ, ભાડે આપેલ મકાનની વિગત, ભાડુઆત અને સંબંધિત સંચાલક કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારનાં પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

| અ નં | મકાન માલીક નું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત - કયાં વિસ્તારમાં કેટલાં ચો.મી. બાંધકામ | મકાન ભાડે આપવા સત્તા ધરાવતાં વ્યકિતનું નામ | મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું.? | જે વ્યકિતઓને ભાડે આપેલ છે. તેમના પાકા નામ, સરનામાં, ફોટા, પાસપોર્ટ, ડ્રાઇવીંગ લાયસન્સ, પાનકાર્ડ, પુરાવા રૂપે સાથે આપવા | મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યકિતનું નામ, સરનામું તથા પાસપોર્ટ, ડ્રાઇવીંગ લાયસન્સ, પાનકાર્ડ, પુરાવા રૂપે સાથે આપવા. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |

આ હુકમ તા.૩૧.૦૮.૨૦૧૭ થી તા.૨૯.૧૦.૨૦૧૭ સુધી (બંન્ને દિવસો સહીત) ૬૦ દિવસ માટે અમલમાં આવશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યકિતગત રીતે નોટીસોની બજવણી કરવી શક્ય ન હોઇ આથી એકતરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનીક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનનાં સિનિયર પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશનર, નાયબ પોલીસ કમિશનર તથા પોલીસ કમિશનર કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એક્ટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત પોલીસ કમિશનરશ્રી, અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી. સી . કલમ-૧૮૮ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ : તા.૨૩/૦૮/૨૦૧૭ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

(એ. કે. સિંઘ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર